# શહેર ભાજપ પ્રમુખ તરીકે રૂચિર ભટ્ટ નિમાયા

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર શહેર ભાજપના પ્રમુખ તરીકે રૂચિર ભટ્ટની નિયુક્તી કરવામાં આવી છે.

આજે પ્રદેશ કક્ષાએથી સંગઠ્ઠનમાં ૩૯ જેટલા નવા પ્રમુખોના નામોની જાહેરાતમાં ગાંધીનગર શહેરના પ્રમુખ તરીકે રૂચિર ભટ્ટના નામના જાહેરાત કરાઈ છે.

બપોરના સાડા ત્રણ બાદ સોશિયલ મિડિયામાં સંગઠ્ઠનમાં ફેરફાર કરવાના સંકેતોના મેસેજ વાયરલ થયા હતા અને પાંચ વાગ્યાની આસપાસ સત્તાવાર જાહેરાત થઈ છે.

૮ બેઠકોની પેટા-ચૂંટણીના મતગણતરીની પૂર્વ સંધ્યાએ કરાયેલા આ ફેરફારો પછી હવે પ્રદેશ સંગઠ્ઠનના માળખાની જાહેરાત પણ એકાદ દિવસમાં જ થશે તેવી અટકળો પણ રાજકીય વર્તુળોમાં વહેતી થવા પામી છે.

ગાંધીનગર શહેરના પ્રમુખપદનો પદભાર રૂચિર ભટ્ટ બીજીવાર સંભાળશે. હાલ તેઓ મહામંત્રી તરીકેની જવાબદારી સંભાળી રહ્યા છે.

રૂચિર ભટ્ટની થયેલી પસંદગીને મેયર જૂથનો વિજય લેખાવવામાં આવી રહ્યો છે. રૂચિર ભટ્ટ વ્યવસાયે કોન્ટ્રાક્ટર તરીકે તેમની ઓળખ છે. તેઓ સંગઠ્ઠનના જાણકાર હોવાથી તેમન બીજીવાર પસંદગી કરવામાં આવી છે.

તેઓ ૨૦૧૫ માં મનપાનો ચૂંટણી જંગ પણ લડ્યા હતા પરંતુ વિજય મેળવી શક્યા ન હતા.



ભટ્ટ સંગઠ્ઠક તરીકેની ઓળખ પ્રસ્થાપિત કરવામાં પણ સફળ રહ્યા હોવાથી તેમની પસંદગી કરવામાં આવી હોવાની વાતો પણ ચર્ચામાં છે.

એપ્રિલમાં ફરીવાર મનપાની સામાન્ય ચૂંટણી આવી રહી છે ત્યારે તેમની નિમણુંકને મહત્વની લેખવામાં આવી રહી છે. ભટ્ટ મહેન્દ્ર પટેલ (દાસ)ના અનુગામી બનશે. તેઓ એકાદ દિવસમાં તેમના નવા હોદ્દાનો ચાર્જ સંભાળશે.

# ગાંધીનગરમાં હવે ગટરના મેઈન હોલની સફાઇ બેન્ડીકુટ રોબોટ મશીનથી કરાશે

**ગટરની કુંડીમાં ઉતરીને સફાઇ કરવામાં થતી માનવ જીંદગીની હાની નિવારી શકાશેઃ નાયબ મુખ્યમંત્રીશ્રી નિતીનભાઇ પટેલ ● રોબોટમાં કેમેરા હોવાથી માટી, પથ્થર, ઇંટ જેવો કચરો સહેલાયથી દુર કરી શકાશેઃ મેયરશ્રી રીટાબેન પટેલ**

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર મહાનગર પાલિકા વિસ્તારમાં હવે ભૂર્ગભમાં આવેલી ગટરના ઉંડા મેઈન હોલની સફાઈની કામગીરી બેન્ડીકુટ રોબોટ મશીન દ્વારા કરવામાં આવશે. સુરતમાં તેના માટે રોબોટ કામે લગાડાયા બાદ રાજ્યમાં ગાંધીનગર આવું બીજુ શહેર બન્યું છે. મેયરશ્રી રીટાબેન પટેલની ઉપસ્થિતિમાં રાજ્યના નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલે સોમવારે નિદર્શન જોવા સાથે રોબોટ મશીનનું લોકાર્પણ કરવા સમયે જણાવ્યું કે ગટરની કુંડીમાં ઉતરીને સફાઈની કામગીરી કરવામાં ભૂતકાળમાં કર્મયોગીઓએ જીવ ગુમાવ્યાના બનાવ બન્યા છે. હવે આધુનિક ટેકનોલોજીના ઉપયોગથી માનવ જીંદગીની હાની નિવારી શકાશે. મેયરશ્રી રીટાબેન પટેલે જણાવ્યું કે રોબોટમાં કેમેરા હોવાથી માટી, પથ્થર, ઈંટ જેવો કચરો સહેલાયથી દુર કરી શકાશે.

શહેરો જ નહીં ગામડાઓમાં પણ સ્વચ્છતા માટે સરકાર દ્વારા આધુનિક સાધન સરંજામ વિના મૂલ્યે આપવામાં આવી રહ્યાં છે. રાજ્યમાં ભૂર્ગભ ગટરનું નિર્માણ મોટાપાયે કરવામાં આવી રહ્યું છે. ત્યારે ગટર વ્યવસ્થાના મેઈન હોલ સમયાંતરે સાફ કરવા પડે છે. ભૂતકાળમાં તેની સફાઈ કામદારો દ્વારા કુંડીમાં ઉતરીને કરવામાં આવતી અને તેમાં ઝેરી ગેસના કારણે કામદારોના મૃત્યુ થવાના બનાવ બનતા હતાં. હવે સુપ્રિમ કોર્ટ દ્વારા કામદારને કુંડીમાં ઉતારવાની મનાઈ કરાઈ છે. હાલમાં મશીનરી દ્વારા જ મેઈન હોલની સફાઈ કરવામાં આવે છે. હવે સ્ક્રીન સહિતનો કોમ્પ્યુટરાઈઝ્ડ રોબોટ ઉપલબ્ધ બન્યો છે. ગાંધીનગર મહાનગર પાલીકેને સાબરમતી ગેસ કંપની દ્વારા આ રોબોટ મશીન ભેંટ આપવામાં આવ્યું છે. આ મશીનની કામગીરી સફળ રહેશે તો આગામી દિવસમાં અન્ય શહેરોને પણ આપવામાં આવશે.



મેયરશ્રી રીટાબેન પટેલે બેન્ડીકુટ રોબોટ મશીન અંગે જણાવ્યું કે માનવ જીંદગી બચાવવામાં ઉપકારક બનતા આ મશીન દ્વારા મેઈન હોલમાં કેવો અને કેટલો ગેસ છે. તેની માહિતી પણ મળશે. તેમાં લાગેલા કેમેરા દ્વારા મેઈન હોલમાં ક્યાં કેવી ગંદકી ફસાયેલી છે. તે સ્ક્રીન પર જોઈ શકાશે અને બહાર કાઢી શકાશે. કેરળની જેનરોબટિક્સ ઈનોવેશન કંપનીએ બનાવેલા આ રોબોટની કિંમત ૩૮ લાખ રૂપિયા છે.

# શહેર-જિલ્લામાં રાત્રિના ૮ થી ૧૦ કલાક દરમ્યાન ફટાકડા ફોડી શકાશે

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લામાં દિવાળી દરમ્યમાન રાત્રિના ૮ થી ૧૦ કલાક દરમ્યાન ફટાકડા ફોડી શકાશે. સીરીઝમાં જોડાયેલા ફટાકડાથી મોટા પ્રમાણ હવા, અવાજ અને ધન કચરાની સમસ્યા થતી હોવાથી તે રાખી શકાશે નહી. ફોડી શકાશે નહી કે વેચાણ કરી શકાશે નહિ તેવું જિલ્લા કલેકટર ડૉ. કુલદીપ આર્યએ જાહેરનામું બહાર પાડીને જણાવ્યું છે.

જિલ્લા કલેકટર ડૉ. કુલદીપ આર્યએ જાહેરનામામાં વધુ જણાવ્યું છે કે નામદાર સુપ્રિમ કાર્ટ દ્વારા હુકમથી ફટાકડા ફોડવા સંબંધમાં કેટલીક સ્પષ્ટ સૂચનાઓ અને માર્ગદર્શિકાઓ આપવામાં આવેલી છે. જેથી દિવાળીના તહેવાર તથા અન્ય તહેવારો નિમિત્તે જાહેર જનતાને ભયજનક/હાનિકારક પર્યાવરણ તથા ધ્વનિ પ્રદૂષણની વિપરિત અસરથી બચાવવા ફટાકડાના ઉત્પાદન, વેચાણ તથા ફટાકડા ફોડવા બાબતે દિશા નિર્દેશો કર્યો છે. તેના અમલીકરણ માટે તથા દિવાળીના તહેવારો દરમ્યાન ફોડવામાં આવતા ફટાકડાના કારણે આગ, અકસ્માત બનાવો ના બને અને જાહેર જનતાની સલામતી માટે અને જાહેર જનતાને અગવડ ન પડે તે માટે ગાંધીનગર જિલ્લાના સમગ્ર મહેસુલી વિસ્તારના ફટાકડા ખરીદ, વેચાણ તથા ઉપયોગ ઉપર નિયંત્રણ મૂકવું જરૂરી જણાય છે.

જે અંતર્ગત ગાંધીનગર જિલ્લા કલેકટર ડૉ. કુલદીપ આર્યએ પોતાની સત્તાની રૂએ ગાંધીનગર જિલ્લાના સમગ્ર મહેસુલી વિસ્તારમાં દિવાળી દરમ્યાન રાત્રિના ૮ થી ૧૦ કલાક દરમ્યાન ફટાકડા ફોડી શકાશે. હાનિકારક ધ્વનિ પ્રદુષણ રોકવા માટે માત્ર "ઈર્જી" સંસ્થા દ્વારા અધિકૃત બનાવટવાળા અને માન્ય ધ્વનિ સ્તરવાળા જ ફટાકડા વેચી-વાપરી શકાશે. "ઈર્જી" દ્વારા એવા અધિકૃત/માન્ય ફટાકડા દરેક

● અનુસંધાન પાન-૭ પર

# રોબર્ટનો પ્રયોગ સફળ રહેશે તો સેકટરમાં ગટરની ફરિયાદ ઝીરો થઇ જશે

**હાલ રોજબરોજ ૨૦ થી ૨૫ ફરિયાદો મળે છે : સેકટરોમાં મેઇનહોલની દિવાલ તુટતા 30 ફુટ નીચે ચોકઅપ સર્જાય છે : કેમેરાવાળો રોબર્ટ સરળતાથી કામ કરી શકશે**

ગાંધીનગર તા ૯

ગાંધીનગરના સેકટરોમાં હાલ કાર્યરત ગટર લાઇન તેમજ સંબંધિત મેઈનહોલ ૪૦ વર્ષ જુના છે. જયારે શહેરની વસતી અને વિકાસની સાપેક્ષમાં હાલની ગટરલાઈનને અપગ્રેડ કરવાની અનિવાર્યતા છે. જો કે સ્માર્ટ સીટીના પ્રોજેકટ અન્વયે ટુંકમાં જ આ પ્રોજેકટનુ કામ પણ હાથ ધરાશે. સેકરટરોમાં રોજ બરોજ રહીશોના ઘર આંગણે ગટરના દુષિત પાણી ઉભરાતા હોવાની ફરિયાદ ઉઠવા પામે છે. ત્યારે ઓછા મેન પાવર અને મશીનરી વચ્ચે તંત્રના અધિકારીઓએ પણ આ ફરિયાદો ડામવાનુ કામ મુશ્કેલ બન્યુ છે. આવા સંજોગોમાં હવે સ્માર્ટ સીટી બનવા તરફ આગળ વધતા ગાંધીનગરમાં ગટર સફાઈની કામગીરી પણ સ્માર્ટ અંદાજમાં થશે અલબત્ત નવી રોબોર્ટ ટેકનોલોજીની મદદથી ગટરની સફાઈ કરાશે. રોબર્ટનો પ્રયોગ સફળ થશે તો સેકટરોમાં ગટરોની તમામ ફરિયાદોનો અંત આવશે તેવો વિશ્વાસ પણ તંત્રના અધિકારીઓએ વ્યકત કર્યો છે.

શહેર સ્માર્ટ થવા જઇ રહ્યુ છે. શહેરમાં ૨૪ કલાક પાણીનો સપ્લાય આપવા પણ ટુંકમાં

● અનુસંધાન પાન-૭ પર

# રાજ્યમાં દિવાળી પર ઠંડીનો ચમકારો વધવાની આગાહી

ગાંધીનગર, તા. ૯

હવે રાજ્યમાં ધીમે-ધીમે ઠંડીનો ચમકારો વધી રહ્યો છે. ઉત્તર-પૂર્વીય પવન ફૂંકાવાના કારણે ઠંડીમાં હજુ વધારો થવાની સંભાવના છે. ગઈકાલે રાત્રે લઘુત્તમ તાપમાનમાં ઘટાડો નોંધાવાના કારણે રાત્રે તથા સવારે ઠંડીનો અહેસાસ થયો હતો. ઠંડીની સાથે રજાઈ, સ્વેટર પણ બહાર આવવા લાગ્યા છે. આગામી સમયમાં ઠંડીનો ચમકારો વધશે તેવી પણ સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે.

આજે સવારે ૧૪ ડીગ્રી લઘુત્તમ તાપમાન સાથે વલસાડ સૌથી ઠંડું રહેશે તે પછી ગાંધીનગર ૧૪.૫ ડીગ્રી લઘુત્તમ તાપમાન સાથે બીજા નંબરે રહેશે.

જ્યારે અમદાવાદમાં આજે લઘુત્તમ તાપમાન ઘટીને ૧૭ ડીગ્રી રહેશે. શહેરમાં ધીમે ધીમે લઘુત્તમ તાપમાન ઘટી રહ્યું છે તેની સાથે મહત્તમ તાપમાન પણ ઘટી રહ્યું છે. આજે મહત્તમ તાપમાન ૩૩.૭ ડિગ્રી રહેશે એટલે કે ગરમીનું પ્રમાણ ઘટશે.

# ગ્રામ્ય વિસ્તારમાંથી વધુ ૧૩ કેસ મળી આવ્યા

**ગાંધીનગર-કલોલમાંથી પાંચ-પાંચ, દહેગામમાંથી બે કેસ અને માણસામાંથી ૧ કેસ : ૨૪૨૪ દર્દીઓ કોરોનામુક્ત થયા**

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી આજે કોરોનાના વધુ ૧૩ કેસ મળી આવ્યા છે. જોકે રાજ્ય સરકારે ગ્રામ્ય વિસ્તારમાં ૧૬ કેસ નોંધાયા હોવાનું તેની સત્તાવાર યાદીમાં જાહેર કર્યુ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કેસોની સંખ્યામાં સતત ચડાવ-ઉતાર જોવા મળી રહ્યો છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં સઘન સર્વેલન્સની તાકીદ આરોગ્યતંત્ર દ્વારા કરવામાં આવી છે. આજે ૧૦ થી વધુ સ્થાનો પર ટેસ્ટીંગ કેમ્પ પણ મોટા ગામને જોડતા માર્ગો પર કરવામાં આવ્યા હતા.

જિલ્લામાં આજે ગાંધીનગરમાંથી ૫, દહેગામમાંથી ૨, માણસામાંથી ૧ અને કલોલમાંથી પાંચ કેસ મળી આવ્યા છે. આજે નોંધાયેલા ૧૩ કેસમાંથી પાંચ મહિલા દર્દી છે. જિલ્લામાં મહિલા દર્દીઓની સંખ્યા વધી રહી હોવાથી તંત્રની ચિંતા વધવા પામી છે.

વાવોલ ગામેથી ૫૭ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. રાંદેસણમાંથી ૪૪ વર્ષીય ખાનગી નોકરી કરતા પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેમને પણ હોસ્પિટલમાં દાખલ કરાયા છે.

રાયસણ ગામેથી આજે બે કેસ મળી આવ્યા છે. ૫૩ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા છે. આ ઉપરાંત ૩૬ વર્ષીય કર્મયોગીનીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સરગાસણ ગામેથી ૩૯ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

દહેગામ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાંથી બે કેસ મળી આવ્યા છે. બારડોલી કોઠી ગામે કોરોનાએ પુનઃ હાજરી પુરાવી છે. આ ગામેથી ૫૫

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં સતત બીજે દિવસે ૨૦ કેસ

**ત્રણ દિવસમાં ૬૧ કેસ નોંધાયા : સે. ૨૪ માં પાંચ વર્ષની બાળકીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો : શહેરમાં આજે સે. ૨૨ માંથી ૪, સે. ૨૬ માંથી ૩, સે. ૧૩, ૧૪, ૨૧ અને જીઈબીમાંથી ૨-૨-૨ કેસ ઉપરાંત સે. ૪, ૧૭, ૧, ૭ અને ૨૫ માંથી પણ કેસો મળી આવ્યા**

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર શહેરમાં આજે સે. ૨૨ માંથી એક જ દિવસમાં ૪ કેસ સાથે કોરોનાના વધુ ૨૦ કેસ મળી આવ્યા છે. સતત બીજે દિવસે પણ કોરોનાના વધુ ૨૦ કેસ મળી આવ્યા છે. આ સાથે શહેરમાં કોરોના કેસોની સંખ્યા વધીને ૨૦૩૯ થવા પામી છે.

છેલ્લા ત્રણ દિવસમાં શહેરમાં ૬૧ જેટલા કેસ કોરોનાના નોંધાયા છે. જે ગતિએ કેસોની સંખ્યા વધી છે તેને લઈ તંત્ર ચિંતીત બન્યુ છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં નવ મહિલા દર્દીઓ છે તેમજ મોટી વયના લોકો પણ સંક્રમિત થતાં તંત્રની ચિંતામાં વધારો થયો છે. છેલ્લા પખવાડિયામાં મહિલા દર્દીઓની સંખ્યામાં પાંચ ટકા જેલો વધારો જોવા મળ્યો છે.

શહેરમાં આજે સે. ૨૨ માંથી ૪, સે. ૨૬ માંથી ૩, સે. ૧૩, ૧૪, ૨૧ અને જીઈબીમાંથી ૨-૨-૨ કેસ ઉપરાંત સે. ૪, ૧૭, ૧, ૭ અને ૨૫ માંથી પણ કેસો મળી આવ્યા છે.

તંત્રએ કોરોના સામે લોકોને સાવચેત રહેવા અપીલ કરી અને ફરજીયાત માસ્ક પહેરવા તેમજ સોશિયલ ડિસ્ટન્સીંગ જાળવવા જણાવ્યુ છે.

જીઈબી કોલોનીમાં આજે એક દંપત્તિ કોરોનાની ઝપટે ચડ્યુ છે. જીઈબી થર્મલ પાવર સ્ટેશનમાં ફરજ બજાવતા ૫૧ વર્ષીય કર્મયોગી અને ૫૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. બન્નેએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

● અનુસંધાન પાન-૭ પર


ઇન્ડીયન રેડક્રોસ ગુજરાત
ભારત સરકાર અને રાષ્ટ્રપતિશ્રીના હસ્તે ગોલ્ડ મેડલ તથા ૫૦ લાખ રૂપિયાનું ઇનામ મેળવવા બદલ ખૂબ ખૂબ અભિનંદન.
(૧) સમગ્ર દેશમાં બેસ્ટ સ્ટેટ બ્રાન્ચ તરીકે ગોલ્ડમેડલ.
(૨) સમગ્ર દેશમાં સૌથી વધુ રક્ત એકત્રિત કરી જરૂરીયાતમંદને પુરૂ પાડવા બદલ ગોલ્ડ મેડલ
(૩) સમગ્ર દેશમાં સૌથી સારી કામગીરી કરવા બદલ ગોલ્ડમેડલ



શ્રી નીતિનભાઇ પટેલ
ના. મુખ્યમંત્રીશ્રી
ઉપપ્રમુખ : રેડક્રોસ, ગુજરાત.



ડૉ. ભાવેશ આચાર્ય
ચેરમેન
રેડક્રોસ, ગુજરાત

ઇન્ડીયન રેડક્રોસ સોસાયટી
ગાંધીનગર જીલ્લા શાખા
તથા
કલોલ/માણસા/ગાંધીનગર.
તાલુકા બ્રાંચ



બેસણું



અમારા માતૃશ્રી
સ્વ. શાંતાબેન બાબુભાઈ દરજી
તા. ૦૬-૧૧-૨૦૨૦ના રોજ સ્વર્ગવાસ થયેલ છે. પ્રભુ એમના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના...
ટેલીફોનીક બેસણું / સુતક : તા. ૧૨/૧૧/૨૦૨૦, ગુરુવાર સવારે ૯ થી ૧ કલાકે રાખેલ છે.
બેસણું સ્થળ : ૪૩, સહકાર કોલોની, સેક્ટર-૨૫, ગાંધીનગર
બાબુભાઈ કોદરભાઈ દરજી - મો. ૯૫૫૮૯૬૭૨૨૧
નરેશભાઈ બાબુભાઈ દરજી - મો. ૯૯૦૪૬ ૦૦૪૪૧
પંકજભાઈ બાબુભાઈ દરજી - મો. ૯૯૨૪૫ ૧૫૫૩૪
ફર્મ : એવન ટેલર્સ, સે-૨૨, ન્યુ એવન ટેલર્સ, સે-૭, ગાંધીનગર



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



હવે ગાંધીનગરમાં અદ્યતન સુવિધાઓથી સજ્જ ડી-માર્ટ પાસે, સેક્ટર-૨૬ માં
સરમાઉન્ટ મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ
EMERGENCY 24 HOURS SERVICES
સુવિધાઓ
● આઈ.સી.યુ.ની સુવિધા ● 2D Echo
● અત્યાધુનિક સુવિધા સજ્જ મોડ્યુલર ઓપરેશન થીએટર-૨ હાઈ ફ્રિક્વન્સી એક્સ-રે મશીન
● સ્પેશ્યલ, જનરલ રૂમની સુવિધાઓ
● એમ.એલ.સી. (પોલીસ કેસ) લેવામાં આવશે
● મેડીક્લેઈમ તથા કેશલેસ ની સુવિધા
ઉપલબ્ધ સારવાર
ઓર્થોપેડિક વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. વિરલ આર. પ્રજાપતિ (ઓર્થોપેડિક સર્જન) ડૉ. હાર્દિક આર. પટેલ (ઓર્થોપેડિક સર્જન)
● ગંભીર ફ્રેક્ચર તથા એક્સીડેન્ટ કેસની તાત્કાલિક સારવાર ● આધુનિક પદ્ધતિથી ઘૂંટણ (Knee), થાપા (Hip)ના સાંધા બદલવાના ઓપરેશન
સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. ખ્યાતિ પટેલ MS, General & Laparoscopy Surgeon
● દુરબીનથી હર્નીયા, એપેન્ડીક્ષ, પિત્તાશયની પથરી તથા ગર્ભાશયની કોથળીનું ઓપરેશન
● હરસ, મસા, ભગંદર, સારણગાંઠ અને પેટના તમામ ઓપરેશન તથા કેન્સરના તમામ પ્રકારના ઓપરેશન
મેડીસીન વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. નીતિ ડી. ભીમાણી, MD (Medicine)
● હ્રદયનો હુમલો (Heart Attack), શ્વાસ તેમજ ગભરામણની તાત્કાલિક સારવાર, ખેંચ-ફીટ (Fits), લકવો તેમજ ઝેર પીધા (Poison) અને ઝેરી સાપ કરડ્યા (Snake Bite)ની તાત્કાલિક સારવાર ઉપલબ્ધ
પ્લાસ્ટિક સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. કુમાર મેહતા MS MCH, Plastic Surgeon
● ગાંધીનગરનું સૌ પ્રથમ હેર ટ્રાન્સપ્લાન્ટ સેન્ટર
● હેર ટ્રાન્સપ્લાન્ટ, દાઢી-મૂંછમાં હેર ટ્રાન્સપ્લાન્ટ, આઈબ્રો હેર ટ્રાન્સપ્લાન્ટ ● અકસ્માતથી ચહેરા પર વાગેલી જગ્યા પર ડાઘ ઓછા દેખાય/ન દેખાય તે માટે પ્લાસ્ટિક સર્જરી, ચહેરાના હાડકાંના ફ્રેક્ચરની સર્જરી
કાન, નાક, ગળા વિભાગ (દર મંગળવાર, શુક્રવાર, બપોરે ૩:૦૦ થી ૫:૦૦)
ડૉ. આશીલ માણાવદરીયા MS ENT
● કાનની રસી, પડદામાં કાણું, કાનની બુટ સાંધવાનું ઓપરેશન તથા કાનના તમામ રોગોનું નિદાન તથા સારવાર
ન્યુરો સર્જરી વિભાગ (દર બુધવાર, બપોરે ૩ થી ૫)
ડૉ. કેતન પટેલ MS MCH, Neuro Surgeon
● મગજની ગાંઠ, હેમરેજ (સ્ટ્રોક)ના ઓપરેશન તથા મગજને લગતા તમામ ઓપરેશન
For Appointment : Mo. : 84698 80550
OPD Time : સોમ થી શનિ : સવારે ૧૦:૦૦ થી ૧:૦૦, સાંજે ૫:૦૦ થી ૮:૦૦.
આર-૧૬, ડી-માર્ટની પાછળ, ગ્રીનસીટી, સેક્ટર-૨૬, ગાંધીનગર. મો. ૮૪૬૯૮ ૮૦૫૫૦
કેપિટલ ઓફસેટ-ગાંધીનગર. રમેશભાઈ પટેલ-મો. ૯૮૨૫૦૩૮૩૭૮


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com